


બમ બમ ભોલે... હર હર મહાદેવ... વગેરે જેવા જયઘોષ સાથે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે શહેરના શિવાલયો ગુંજી ઉઠ્યાં હતા. શહેરના વિવિધ સેક્ટરમાં સ્થિત શિવાલયોમાં આજે સવારથી જ ભોળાનાથના ભાવિકોની ભીડ ઉમટી હતી અને શ્રધ્ધાળુઓએ મહાદેવજીની જલાભિષેક, દૂગ્ધાભિષેક અને પુષ્પાભિષેક કરી પૂજા-અર્ચના કરી હતી.

# ચંદ્રાલા નાકા પોઈન્ટથી પિસ્તોલ સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર એસઓજી પોલીસ ટીમના જવાનોએ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા ઉતરપ્રદેશના યુવક પાસેથી દેશી હાથ બનાવટની મશીન કટ પિસ્તોલ સાથે પકડી પાડ્યો હતો. હાલ પોલીસે આરોપીની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી એ જિલ્લાના મહત્વના નાકા પોઈન્ટ પર વાહનચેકીંગની કામગીરી શરુ કરી દારૂ-હથીયારોની હેરાફેરી કરતા શખ્સોને દબોચી લેવા સુચના આપી હતી. જે અન્વયે એસઓજી પીઆઈ વી.ડી.વાળાની ટીમે ચિલોડા પોલીસ મથકની હદમાં વાહન ચેકીંગની કામગીરી શરુ કરી હતી. ત્યારે હિંમતનગર તરફથી આવી





રહેલા તમામ વાહનોના ચેકીંગ એસઓજીની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યા હતા.તે દરમિયાન ખાનગી લકઝરી બસને ઈશારો કરી ઉભી રખાવી હતી.

ત્યારપછી એક પછી એક મુસાફરનો સામાનની તલાશી લેવામાં આવતી હતી. તે સમયે લકઝરી બસમાં છેલ્લા થી બીજા નંબરની સીટ પર બેઠેલો શખ્સ શંકાસ્પદ હીલચાલ કરી રહ્યો હતો.જેથી પોલીસ તેની પાસે જઈ પુછપરછ કરી રહી હતી. તેને પોતાનું નામ શ્યામશંકર ચંદ્રપ્રકાશ શર્મા (ઉં.૨૫, રહે ગામ સામરેમઉ પોસ્ટ, ચોરંગહાર જી.આગ્રા, યુપી) હોવાનું જણાવ્યું હતું. યુવક પાસે રહેલા થેલાની તપાસ કરતા પોલીસને કપડાની અંદરથી મશીન કટ પિસ્તોલ મળી આવી હતી. પોલીસે પિસ્તોલ અને મોબાઈલ મળી કુલ રૂ.૨૫ હજારનો મુદામાલ કબ્જે કરી શ્યામ શંકર સામે આર્મસ એકટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાયસણની વિનાયક સ્કાય ડેકના ૧૨ માળેથી પટકાતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગરના રાયસણ ખાતે ગત મોડી રાત્રે વિનાયક સ્કાય ડેક સોસાયટીના ૧૨માં માળે આવેલા પેન્ટ હાઉસના ધાબા પરથી અચાનક નીચે પટકાતા આશાસ્પદ યુવકનું મૃત્યુ નિપજ્યું છે. જયારે જુવાનજોધ દિકરાના અકાળે અવસાનથી પરીવાર પર આભ તુટી પડ્યું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ રાજયમાં અનેક સરકારી કચેરીઓમાં મેન પાવર સપ્લાય કરતી રાજદીપ એન્ટરપ્રાઈઝના માલિક પ્રવિણભાઈ ચૌધરીના ૨૫ વર્ષિય દિકરો રાજ ગઈકાલે રાયસણ ભૈરવનાથ પાર્ટી પ્લોટ નજીક આવેલી વિનાયક સ્કાય ડેક નામની સોસાયટીના પેન્ટ હાઉસમાં રહેતા મિત્રને મળવા ગયો હતો.

બાદમાં પેન્ટ હાઉસના ૧૨ માળે ધાબા ઉપર રાજ અને





અન્ય બે મિત્રો બેઠા હતા. તે સમયે તેઓએ ગલ્લાથી મસાલો મંગાવ્યો હતો.

તે દરમિયાન નીચે ઉતરતા સમયે રાજે ધાબા પર બનાવેલા ફાયબરના શેડ ઉપર પગ મુક્યો હતો.તે સમયે અચાનક તેનો પગ લપસી જતા ગણતરીના સમયમાં તે છેક ૧૨માં માળેથી નીચે પટકાયો હતો. જેથી તેના બે મિત્રો તાત્કાલીક નીચે દોડી ગયા હતા. તે સમયે સ્થાનિક નાગરીકો પણ એકઠા થઈ ગયા હતા. ૧૨માં માળેથી નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યું નિપજ્યું હતું. બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પોલીસે જરુરી કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્યારે વ્હાલસોયા જુવાનજોધ દિકરાના આકસ્મિક અવસાનથી ચૌધરી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલયની ભગિની સંસ્થા દ્વારા વિભિન્ન કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર,તા.૨૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલયની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના ૨૦ પ્રભાગ પૈકીના યુવા પ્રભાગ દ્વારા ગૃપ ૨૦ તળેના વાય ૨૦ પ્રોજેક્ટ્સ અંતર્ગત સમગ્ર ભારતભરમાં સંમેલનો, સેમિનાર, અભિયાન, પ્રદર્શન, ટોક શો, વેલનેસ કેફે, વર્કશોપ, ચોપાલ, પીસ વોક જેવા વિભિન્ન કાર્યક્રમોનું આયોજન થયેલ.



જે અંતર્ગત ૨૦, ઓગસ્ટ, રવિવારે સવારે ૧૦ વાગે બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર.૧, રાંદેસણ, ગાંધીનગર ના હૉલમાં 'હેલ્થ વેલ બીઈંગ સ્પોર્ટ્સઃ એજન્ડા ફોર યુથ' તળે 'માસ્ટરીંગ હેલ્ધી હેબીટ્સ'' વિષય પર એક સમ્મેલનનું આયોજન કરવામાં આવેલ છે. જેના મુખ્ય વક્તા બ્રહ્માકુમારીઝ, પશ્ચિમ રાજસ્થાનના ભીનમાલ અને તેના સંબંધિત કેન્દ્રોના પ્રભારી અને વાય ૨૦ પ્રોજેક્ટ્સના ફેકલ્ટી ડૉ.બી.કે.ગીતાબેને વિષય ને છણાવટ સાથે સુંદર રીતે સ્પષ્ટ કરેલ.આ કાર્યક્રમ ફક્ત ૧૫ થી ૩૦ એજ ગૃપના યુવા ભાઈ બહેનો પૂરતો જ મર્યાદિત રાખવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં યુવાનો ખૂબ જ ઉમંગ-ઉત્સાહથી હાજર રહ્યા હતાં. ઉપસ્થિત સૌ યુવા બંધુઓ વક્તાશ્રીની વિષયને રજુ કરવાની, સીધી દિલને સ્પર્શે એવી આગવી શૈલીથી ખૂબ જ પ્રભાવિત થયા હતાં. ફલસ્વરૂપ યુવાઓ માટે આવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સમયાંતરે યોજવાની માંગ ઉભી થવા પામેલ.



શ્રી સ્વામિનારાયણ વડતાલધામ સંચાલિત શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સારંગપુર ધામ આયોજિત શ્રી શતામૃત મહોત્સવ અંતર્ગત કષ્ટભનજ દેવના દિવ્ય રથનું રાયસણ ખાતે આગમન થયું , ભાવિ ભક્તો દ્વારા દાદાનું ભાવપૂર્વક આરતી અને સ્વાગત કરવામાં આવ્યું

# શહેરના સેકટર-૨ સી ખાતે મકાનની બારીમાંથી ટેબલેટની ચોરી

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૨ સી ખાતે બેડરૂમની બારી પાસે ચાર્જીંગમાં મુકેલ ટેબલેટની ચોરી થઈ જતા યુવતિએ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ સી પ્લોટ નં. ૯૪૧-૧ ખાતે રહેતા કિન્નરીબેન રાઠોડ માતા અને ભાઈ સાથે રહે છે. તેણી સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. તાજેતરમાં કિન્નરી બેને ઓનલાઈન ઓપો કંપનીના ટેબલેટની ખરીદી કરી હતી. બેડરૂમમાં બારી પાસે ટેબલેટ ચાર્જ થવા માટે મુક્યું હતું. ત્યારે બારી ખુલ્લી હતી.જયારે ઘરના સભ્યો પણ ઘરમાં હાજર હતા.તે સમયે કિન્નરી બેન કામમાં વ્યસ્ત રહેતા થોડીવાર પછી જોયુ તો ચાર્જીંગમાં મુકી રાખેલ ટેબલેટ ન હતું. તેઓએ ટેબલેટ અંગે માતા અને ભાઈને જાણ કરી હતી.પરંતુ ટેબલેટ મળી આવ્યું ન હતું. જેથી ઘરની બારી ખુલ્લી હોવાથી ટેબલેટ કોઈ વ્યકિત ચોરી કરી પલાયન થઈ ગયું હતું. બનાવ અંગે પોલીસ મથકે રૂ.૧૪ હજારથી વધુની કિંમતના ટેબલેટ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રણાસણમાં બાજી માંડીને બેઠેલા ૧૦ જુગારી ઝડપાયા

**ડભોડા પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના રણાસણ ગામના ઠાકોરવાસ ખાતે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ૧૦ જુગારીઓને ડભોડા પોલીસે ઝડપી પાડ્યા છે.

પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧,૦૯, ૩૦૦ ની રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી એ શ્રાવણીયા જુગાર સામે કડક કાર્યવાહી કરવા તાબાના અધિકારીઓને સુચના આપી છે.

જે અન્વયે ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ.રાણાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના કર્મચારીઓ હદ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે બાતમી મળી હતી કે રણાસણ ગામ ખાતે ઠાકોરવાસમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.

જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડી હતી.

ત્યારે પોલીસને જોઈને જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓને નામ પુછતા તખતસિંહ આતાજી ઠાકોર (રહે, ભરકુંડા માતાવાળો વાસ તા.દશક્રોઈ), મુકેશ કાળાજી ઠાકોર (નવરંગપુરા ઠાકોરવાસ દશક્રોઈ), દશરથસંગ બદસંગ પરમાર (રહે. જવાનપુરા નિશાળવાસ તા તલોદ), વિપુલભાઈ મંગાભાઈ પરમાર (રહે વહેલાલ રોહિતવાસ તા દશક્રોઈ), ગોવિંદ અંબાલાલ ઠાકોર (રહે. ભુવાલડી પરાવાસ તા.દશક્રોઈ), મિલેષકુમાર બાબુલાલ સોલંકી (રહે.ભરકુંડા ઈન્દીરાનગર તા.દશક્રોઈ), જયદીપસિંહ ભવાનસિંહ ચૌહાણ (રહે લવાડ વચલો વાસ તા.દહેગામ),વિશાલ ભગાભાઈ બારોટ (રહે. એલ-૧ ૩૦૨ઠાકોરનાથ રેસીડેન્સી દહેગામ) તેમજ કાળાજી રોહિતજી ચૌહાણ (રહે રણાસણ સરપંચવાળો વાસ ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧.૦૯.૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મતદાર ચેતના અભિયાન અંતર્ગત ભાજપ ઘર-ઘર સંપર્ક કરશે

**ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા તા.૨૫ અને ૨૬ ઓગસ્ટે વિશેષ સંપર્ક અભિયાન થકી મતદાર નોંધણી અને સુધારા માટે જનજાગૃતિ કાર્ય કરશે :એ પહેલા ત્રણ દિવસ કાર્યકર્તાઓ માટે કાર્યશાળા યોજાશે**

ગાંધીનગર, તા. ૨૧

ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના નેતૃત્વ હેઠળ રાજ્યવ્યાપી આયોજિત ભાજપાના મતદાર ચેતના અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગર સંગઠનની કાર્યશાળા માટે વક્તા તરીકે પધારેલા પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડો. દિપીકાબેન સરડવાએ જણાવ્યું હતું કે, આગામી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ભાજપાના કાર્યકર્તાઓ ઘર ઘર સંપર્ક કરી નવા મતદારની મહત્તમ નોંધણી થાય તેવો પ્રયાસ કરશે તેમજ મતદાર યાદી સુધારણા અંતર્ગત જન જાગૃતિનું કાર્ય કરશે જેમાં પ્રદેશના હોદ્દેદારોથી લઈને બુથના કાર્યકર્તા સહભાગી થશે.

ડો. દિપીકાબેન સરડવાએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૨,૨૩ અને ૨૪ ઓગસ્ટના રોજ વોર્ડ સઃ કાર્યશાળાનું આયોજન



કરવામાં આવશે જેમાં સ્થાનિક કાર્યકર્તાઓને અભિયાનની કાર્યસુચી અંગે માહિતગાર કરવામાં આવશે.

નાગરિકો મતદાનનું મહત્વ સમજે , નવા વધુમાં વધુ મતદારો નોંધણી કરાવે, નાગરિકો મહત્તમ મતદાન કરે તે દિશામાં જાગૃતિ અર્થે કાર્યકર્તાઓ કાર્ય કરશે.

આ તકે પ્રદેશ મંત્રી અને મહાનગરના પ્રભારી નૌકબેન પ્રજાપતિ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# દિવ્યાંગોને પેન્શન અને સરળ ધિરાણ આપવાની માંગ કરાઈ



ગાંધીનગર, તા. ૨૧

ભારત સરકાર પુરસ્કૃત ૨૦૧૬ દિવ્યાંગ ધારાની જોગવાઈઓ મુજબ દિવ્યાંગ નાગરિકોની તમામ યોજનાઓનો લાભ છેવાડાના ગામડાઓ સુધી દિવ્યાંગોને મળી રહે તે બાબતે આજે દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આવેદન પત્રમાં ગુજરાત રાજ્યના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા અમલમાં યોજનાઓ જેમાં ૪૦ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ દિવ્યાંગ નાગરિકોને સંતસુરદાસ યોજનામાં સમાવેશ કરી મહીને ૫૦૦૦/- પેન્શન આપવામાં આવે, બીપીએલ સ્કોર તમામ યોજનામાંથી નાબૂદ કરવમાં આવે., ૨૦૧૬ના દિવ્યાંગ ધારાનું ચુસ્તપણે અમલી કરણ કરવામાં આવે, દિવ્યાંગ વિકાસ નિગમની ધીરાણ યોજનાને સરળ બનાવી દિવ્યાંગની જાત જામીન પર ધીરાણ આપવામાં આવે અને દિવ્યાંગજન માટેની સંસ્થાઓ, કચેરીઓ વગેરે દિવ્યાંગ નાગરિકોને ૪ ટકા અનામત મુજબ નોકરી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ભાઈજીપુરા સાર્થક પલ્સ મોલના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર સરગાસણ સામવેદ ગ્રીનવેલી ખાતે રહેતા વિપુલભાઈ આચાર્ય પરિવાર સાથે રહે છે.જયારે તેઓ ભાઈજીપુરા પાસે સાર્થક પલ્સ મોલ ખાતે લાપીનોઝ પીઝાની દુકાન ચલાવે છે. પોતાના અંગત ઉપયોગ માટે પિતરાઈ ભાઈનું પ્લેટીના બાઈક નં. જી.જે.૦૧.વી.એન.-૩૦૫૫ હતું. ગત તા.૧૨ ના રોજ બાઈક દુકાન સામે પાર્કિંગમાં મુક્યું હતું. ત્યારબાદ રાત્રીના અગીયાર વાગે દુકાન બંધ કરી બાઈક પાસે જઈને ચાવી શોધતા મળી આવી ન હતી. જેથી બાઈક બેઝમેન્ટ પાર્કિંગમાં દુકાનમાં કામ કરતા યુવક પાસે મુકાવી દીધુ હતુ.

# ગીફટસીટી ટાવર-૧ની સામે પાર્કિંગમાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૧

ગીફટસીટીમાં આવેલા ટાવર વન પાસે ખુલ્લા પાર્કિંગમાંથી રૂ.૩૦ હજારનું હારનેટ કંપનીનું બાઈક ચોરી થતા યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં વૈદિકા હેપ્પી વેલી હોમ્સ ખાતે રહેતા સાર્થકકુમાર સંદિપકુમાર અગ્રવાલ ગીફટ સીટી ટાવર વનમાં ૨૩ માળે આવેલ ઓરેકલ કંપનીમાં છેલ્લા બે વર્ષથી એપ્લીકેશન એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. યુવક નોકરી પર આવન જાવન માટે જી.જે.૦૫.એન.ક્યુ-૬૩૩૧ બાઈકનો ઉપયોગ કરતો હતો. જયારે નોકરીનો સમય સવારે ૧૧ થી સાંજના ૮ વાગ્યાનો છે. જયારે ગત તા.૧૭ ના રોજ સવારે બાઈક લઈ યુવક નોકરી પર ગયો હતો. ગીફટ સીટી ટાવર નં-૧ પાસે ખુલ્લી જગ્યામાં બાઈક પાર્ક કરીને મુક્યું હતું. નોકરી પુરી થતા બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી બાઈકની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા યુવકે પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.